## શ્રી જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ,મુંબઈ.

## વ્યાખ્યાનમાળા - ૨૦૨૨/૨૩

## જૈન ધર્મના વૈજ્ઞાનિક સત્યો/તથ્યો અને તેનું વ્યવહારિક જીવનમાં અનુસરણ

## વ્યાખ્યાન- ૭ ખગોળશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્ર -૨

**વ્યાખ્યાતા- આચાર્ય  શ્રી નંદિઘોષસૂરીજી મહારાજ**

**તારીખ – ૨૭/૦૧/૨૦૨૩**

આપણે ગયા વ્યાખ્યાનની અંદર જોયું એસ્ટ્રોનોમી એટલે શું? એસ્ટ્રોનોમિ એટલે ખગોળ શાસ્ત્ર. ખગોળ શાસ્ત્ર ની અંદર સૂર્ય ચંદ્ર. સૂર્યએ સૂર્ય તરીકે છે ચંદ્રએ ચંદ્ર તરીકે છે પૃથ્વીના ઉપગ્રહ તરીકે છે. જ્યારે બુધ મંગળ શુક્ર ગુરુ શની નેપ્ચ્યુન પ્લુટો હર્ષલ વગેરે ગ્રહ તરીકે બતાવવામાં આવ્યા છે. ખગોળશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્ર એ બંને એકબીજા સાથે સંકળાયેલા છે. ગયા વ્યાખ્યાનની અંદર આપણે જોયું કે ખગોળશાસ્ત્ર માં બે વિભાગ છે એક દ્રશ્ય પદાર્થો નો વિચાર કરવામાં આવ્યો છે, જે નરી આંખે આકાશમાં આપણે જોઈ શકીએ છીએ એવા જે પદાર્થો છે. ગ્રહ નક્ષત્ર અને તારાઓ ને ઓપ્ટિકલ એસ્ટ્રોનોમિક કહેવાય છે જ્યારે બીજું એક એસ્ટ્રોનોમી છે એ એસ્ટ્રો ફિઝિક્સ સંબંધી છે અને એ છે રેડિયો એસ્ટ્રોનોમી. કારણ કે રેડિયો એસ્ટ્રોનોમીમાં ઇન્ફ્રારેડ રેસ  કલેક્ટ કરી અને દૂરના આકાશ પ્રદેશના જે અદ્રશ્ય પદાર્થો છે, જે આપણા ચક્ષુ કેટેલિસ્કોપ વિડિયો ગ્રહણ કરી શકતા નથી એવા જે પદાર્થો છે, એવા પદાર્થો બ્લેક હોલ્સ, વાઇટ વોલ્સ છે , ન્યુટ્રોન છે આ  જે પદાર્થો છે, એમાંથી આવતો જે પ્રકાશ છે એ પ્રકાશની જે ફ્રિકવન્સી છે એ બહુ ઓછી હોય છે. એના કારણે લાલ રંગના પ્રકાશ કરતા પણ ઓછી ફ્રિકવન્સી હોવાને કારણે એ આપણા દ્રશ્ય પદાર્થ આપણી દ્રષ્ટિનો વિષય બની શકતા નથી. આ કારણે એ પદાર્થોની માહિતી મેળવવા માટે એના જે નબળા કિરણો છે વેવ્સ છે, ઈલેક્ટ્રીક મેગ્નેટિવ છે,લો  ફ્રિકવન્સી વાળા એને ડીશ એન્ટેના દ્વારા કલેક્ટ કરી, એમ બળવાન બનાવવામાં આવે છે અને એના દ્વારા એ પદાર્થો ની માહિતી મેળવવામાં આવે છે, એટલે એ

જે પદાર્થો છે એને  જોવાનો જે વિજ્ઞાન છે એને રેડિયો એસ્ટ્રોનોમી કહેવામાં આવે છે. તો એ રેડિયો એસ્ટ્રોનોમીને જ્યોતિષશાસ્ત્રની સાથે કોઈ સંબંધ નથી કારણ કે એના જે કિરણો છે એ બહુ નબળા હોય છે અને આવા નબળા વેવ્સ ની આપણા ઉપર કોઈ અસર થતી નથી. પૃથ્વી ઉપર કે કે પૃથ્વી પરના મનુષ્યો ઉપર અને સજીવ સૃષ્ટિ ઉપર રેડિયો એસ્ટ્રોનોમિક સંબંધો જે પદાર્થ છે, એની બહુ જ માઈલ્ડ અસર હોઈ શકે. તો આ રીતે આ રેડિયો એસ્ટ્રોનોમી ને જ્યોતિષશાસ્ત્રની સાથે કોઈ સંબંધ નથી. એટલે અહીં દર્શાવ્યા મુજબ જ્યોતિષશાસ્ત્રને ઓપ્ટિકલ એસ્ટ્રોનોમી સાથે જ સંબંધ છે, એટલે આપણને એ અંગે વિચાર કરવાનો છે.

જ્યોતિષશાસ્ત્ર નો આધાર ખગોળ વિજ્ઞાન છે અને તે પણ પૃથ્વીને કેન્દ્રમાં રાખીને તેની આસપાસ પરિભ્રમણ કરતા અથવા તેવા પ્રકારનું આભાસ કરાવતા સૂર્ય ચંદ્ર મંગળ બુધ ગુરુ શુક્ર શનિ વગેરે ગ્રહો આકાશમાં રહેલા છે રાશિ કે નક્ષત્ર સ્વરૂપ ધારણ સમૂહની સમૂહ પંક્તિમાં આવતા તે તારા સમુહ ના કિરણો અને ગ્રહ સંબંધિત કિરણોની સંયુક્ત અસર  પૃથ્વીના વાતાવરણ તથા પૃથ્વીના મનુષ્યના મન અને શરીર ઉપર કેવી અસર પેદા કરાવે છે એ દર્શાવતું શાસ્ત્ર  એટલે જ્યોતિષશાસ્ત્ર. ખગોળ નું જ્ઞાન ધરાવતા જ્યોતિષશાસ્ત્રના રહસ્ય સારી રીતે સહેલાઈથી જાણી શકે છે એટલું જ નહીં પણ જ્યોતિષશાસ્ત્રના જે રહસ્યો છે એનું વૈજ્ઞાનિક પદ્ધતિએ એનાલિસિસ એટલે કે વિશ્લેષણ પણ કરી શકે છે.

ખગોળ વિજ્ઞાન એ આકાશમાં દ્રશ્યમાન અવકાશી પદાર્થો જેવા કે સૂર્ય ચંદ્ર અને ગ્રહો મંગળ બુધ ગુરુ શુક્ર શનિ વગેરે તથા તારાઓ અને ધૂમકેતુ વગેરે સંબંધી છે. દરેક અવકાશી પદાર્થ વિશિષ્ટ પ્રકારનું કિરણોત્સર્ગ કરે છે, જેને કોસ્મિક રેસ કહે છે અથવા તો ગુરુત્વાકર્ષણના તરંગ કહે છે. તેની અસર પૃથ્વી અને પૃથ્વી ઉપરના વાતાવરણ તથા મનુષ્ય વગેરે સજીવ સૃષ્ટિ ઉપર થાય છે. તે અસરને જણાવવાનું શાસ્ત્ર એટલે જ્યોતિષશાસ્ત્ર.

ખગોળ વિજ્ઞાન અને જ્યોતિષશાસ્ત્ર બંને એકબીજા સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છે. ખગોળ દ્વારા આકાશમાં દ્રશ્યમાન અવકાશી પદાર્થો જેવા કે સૂર્ય ચંદ્ર અને ગ્રહો મંગળ બુધ ગુરુ શુક્ર શનિ વગેરે તથા તારાઓ અને ધૂમકેતુ વગેરે સ્થાનની માહિતી મળે છે ખગોળ વિજ્ઞાન દ્વારા

એનું સ્થાન ચોક્કસ થાય છે અને એ ખગોળ વિજ્ઞાન દ્વારા આપણે જાણી શકીએ છીએ. સ્થાન જાણ્યા પછી દૂરના આકાશમાં રહેલ તારાઓની સમપંક્તિમાં ચંદ્ર સૂર્ય તથા મંગળ બુધ ગુરુ શુક્ર શનિ વગેરે ગ્રહ આવે ત્યારે તે તારાઓના કિરણોની સાથે તે  ગ્રહ વગેરેની સંયુક્ત અસરને જણાવનારુ શાસ્ત્ર એટલે કે જ્યોતિષશાસ્ત્ર. તે કઈ રીતે આપણી ઉપર અસર કરે છે તેને આપણે હવે સમજીએ.

દરેક વસ્તુની પાછળ વિજ્ઞાન સંકળાયેલું છે અને એ કઈ રીતે સંકળાયેલું છે એ આપણે જોઈએ. ખગોળ વિજ્ઞાન એસ્ટ્રોનોમી પૃથ્વીની બહારના વાતાવરણમાં બનતી કુદરતી ઘટનાઓ સંબંધી છે અને ખાસ કરીને તે સૂર્ય ચંદ્ર અને ગ્રહો સંબંધિત ગતિ અને સ્થાન અંગેની માહિતી પૂરી પાડે છે. તેનો ઉપયોગ અષ્ટાંગ નિમિત શાસ્ત્રમાં અંતરિક્ષ સંબંધ  નિમિત શાસ્ત્રમાં થતો હતો અને આ સૈકાઓ પૂર્વેથી કદાચ હજારો વર્ષોથી આ રીતે ખગોળ વિજ્ઞાન એ જ્યોતિષશાસ્ત્રની સાથે સાથે સંકળાયેલું છે અને જ્યોતિષશાસ્ત્રની અંદર આકાશમાં દ્રશ્યમાન જે પદાર્થો છે એ પદાર્થો ની માહિતી આ ખગોળ વિજ્ઞાન દ્વારા આપણને મળે છે. અને અષ્ટાંગ નિમિત્તે શાસ્ત્ર નું આ કલ્પસૂત્રના અષ્ટાંગ નિમિત્તે શાસ્ત્રમાં કયા કયા આઠે પ્રકારના નિમિત્તો શાસ્ત્ર છે એની વાત આવે છે પણ એમાં અંતરિક્ષ સંબંધી  શાસ્ત્ર છે એ શાસ્ત્ર એટલે જ્યોતિષશાસ્ત્ર કહેવામાં આવે છે. તો અંતર સંબંધી વિવિધ શાસ્ત્ર એટલે એસ્ટ્રોલોજી. પ્રાચીન કાળમાં અર્થાત શરૂઆતના તબક્કામાં ખગોળ વિજ્ઞાન માત્ર આપણી આંખો દ્વારા દેખાતા આવકાશી પદાર્થોના અવલોકન અને તેની ગતિ સ્થાન વગેરેની સમજ આપવા પૂરતું મર્યાદિત હતું ,એ ઘણું પ્રાચીન વિજ્ઞાન છે જેનો ઉપયોગ જ્યોતિષશાસ્ત્રમાં કરવામાં આવતો હતો, તેને એસ્ટ્રોલોજી કહેવામાં આવતું.

પ્રાચીનકાળમાં ખગોળ વિજ્ઞાનમાં અવલોકનો પૃથ્વી ઉપરથી જ થતા હતા. તેથી તેના કેન્દ્રમાં પૃથ્વી જ રહેતી હતી પણ જ્યારે કેપ્લરે કહ્યું કે ગ્રહમાળાના  કેન્દ્રમાં સૂર્ય છે ત્યારથી ખગોળ વિજ્ઞાનમાં સૂર્યને કેન્દ્રમાં રાખી વિચારવાની શરૂઆત થઈ અને તે રીતે ખગોળ વિજ્ઞાન અને જ્યોતિષશાસ્ત્ર નો ભેદ કેપ્લર પછી  શરૂ થયો . આ ચિત્રમાં સૂર્યને કેન્દ્રમાં રાખી આજુબાજુ

ગ્રહો ની જે ભ્રમણકક્ષા છે તે બતાવવામાં આવી છે અને આ જે વસ્તુ છે તે ખગોળ વિજ્ઞાન બતાવે છે.

દૂરબીન ની શોધ થઈ તે પૂર્વે ગ્રહો અને તારાઓના સ્થાન નક્કી કરવા માટે ઊંચા મકાનો અને ખુલ્લા મેદાનો નો ઉપયોગ કરવામાં આવતો હતો, અને આ રીત ભારત સહિત અનેક દેશોમાં વ્યાપક હતી. તે કાળમાં પૃથ્વીને બ્રહ્માંડના કેન્દ્ર તરીકે ગણવામાં આવતી હતી અને સૂર્ય સહિત અનેક ગ્રહો અને તારાઓ તેની આસપાસ ફરે છે એવું માનવામાં આવતું હતું. આ પ્રકારના મોડલને જીઓ સેન્ટ્રિક મોડલ ઓફ ધ યુનિવર્સ કહેવામાં આવતું હતું અને આજે પણ ખગોળનો આટલો વિકાસ થયો હોવા છતાં અવલોકન આધારિત ખગોળની વાત આવે ત્યારે એના કેન્દ્રની અંદર પૃથ્વીને જ ગણવામાં આવે છે. અને જ્યોતિષશાસ્ત્રમાં તો પૃથ્વીની સાપેક્ષતામાં જ સૂર્ય ચંદ્ર અને અન્ય ગ્રહોના સ્થાન નક્કી કરવામાં આવે છે અને પંચાંગ પણ એના આધારે જ બનાવવામાં આવે છે. પ્રત્યક્ષ પંચાંગ જે કહેવામાં આવે છે એ પ્રત્યક્ષ પંચાંગ પણ જીઓ સેન્ટ્રિક મોડલ ઓફ ધ યુનિવર્સ ના આધારે જ જે ખગોળ વિજ્ઞાન છે એના આધારે જ ગ્રહોના સ્થાન વગેરે નક્કી કરવામાં આવે છે અને એના આધારે જ પંચાંગ વગેરેનું નિર્માણ કરવામાં આવે છે. તો આ રીતે જ્યોતિષશાસ્ત્રમાં તો પૃથ્વી ની સાપેક્ષતામાં જ સૂર્ય ચંદ્ર અને ગ્રહોનું સ્થાન નક્કી કરવામાં આવે છે, તેનું પણ વૈજ્ઞાનિક કારણ છે જેની ચર્ચા સ્પષ્ટતા આગળ કરવામાં આવશે.

ખગોળશાસ્ત્ર વિજ્ઞાનને સૂર્ય કેન્દ્રી અર્થાત હિલીયો સેન્ટ્રીક માનવામાં આવે છે, તે વાસ્તવિક છે. જયારે જ્યોતિષશાસ્ત્રમાં પૃથ્વીને કેન્દ્રમાં માનવામાં આવે છે અર્થાત તે જીઓ સેન્ટ્રિક મોડલ છે કારણ કે પૃથ્વી ઉપર રહીને તેના કિરણોની શું અસર થાય છે તેનો અભ્યાસ કરવાનો હોય છે. અહી ઉપર ચિત્રમાં બતાવ્યું છે તેમ જીઓ સેન્ટ્રિક મોડલ ઓફ ધ યુનિવર્સ બતાવવામાં આવ્યું છે જ્યારે નીચે એક રકાબી જેવું બતાવવામાં આવ્યું છે એમાં એમાં વચ્ચે પૃથ્વી બતાવવામાં આવી છે અને પૃથ્વીની સાપેક્ષતામાં સૂર્ય ચંદ્ર શુક્ર મંગળ બુધ એનું જે સ્થાન છે એ કઈ રીતે છે એ નક્કી કરવામાં આવ્યું છે એટલે પૃથ્વી વચ્ચે કેન્દ્રમાં રાખીને અને એની

આજુબાજુ સૂર્ય  ફરતો બતાવવામાં આવ્યો છે. તો આ રીતે જીઓ સેન્ટ્રીક મોડેલ ઓફ ધ યુનિવર્સિટી એ જ્યોતિષશાસ્ત્ર માટે બહુ મહત્વની વસ્તુ છે. ખગોળશાસ્ત્રમાં પણ એનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ભારતીય હિન્દુ જ્યોતિષશાસ્ત્રમાં અત્યારે બે પદ્ધતિ જોવા મળે છે એક નિરયણ પદ્ધતિ અને બીજી સાયન પદ્ધતિ. નીરયણ પદ્ધતિ  સામાન્ય રીતે લોકોને પૃથ્વીની બે જ ગતિની ખબર હોય છે, એક તો પૃથ્વીની દૈનિક ગતિ કે  જેને લીધે સૂર્યોદયથી સૂર્યાસ્ત થાય છે.  24 કલાકમાં પૃથ્વી પોતાની ધરી ઉપર એક આટો ફરે છે તો એ ચક્ર પૂરું કરે છે એને દૈનિક ગતિ કહેવામાં આવે છે.અને પૃથ્વી સૂર્યની આસપાસ લગભગ 365.25 એટલે કે 365 પૂર્ણાંક 25ભાગ સતાંશમાં, દિવસનો ચોથો ભાગ,એટલા સમયમાં પૃથ્વી સૂર્યનું  એક ચક્ર પૂરું કરે છે એને વાર્ષિક ગતિ કહેવામાં આવે છે. એને આપણે વર્ષ ગણવામાં આવે છે. અને આ સિવાય પૃથ્વીની ત્રીજી ગતિ પણ છે તેને આયન ગતિ કહેવામાં આવે છે. આયન ગતિ બહુ જ ધીમી હોય છે. એને 360 અંશનું એક ચક્ર પૂરું કરતા લગભગ 26,848 વર્ષ લાગે છે. તેથી એ કોઈના ધ્યાનમાં આવતી નથી અને એ ખાલી એક ડિગ્રી થતા લગભગ 70 વર્ષ ઉપર વર્ષ જાય છે એટલા માટે એની ગતિ બહુ ધીમી હોવાથી એને કોઈ કન્સિડર કરતું નથી, ગણતરીમાં લેતું નથી .એટલા માટે આ આયન ગતિ પણ આકાશની અંદર આપણને ગ્રહોના જે સ્થાન દેખાય છે એ ગ્રહોના સ્થાન અયન ગતિ કન્સિડર કરી ગણતરીમાં લેવા નક્કી કરવામાં આવે છે. તો આ રીતે સાયન અને નિરયણ. નિરયણ પદ્ધતિ ની અંદર પૃથ્વીની આયનગતિને કન્સિડર કરવામાં આવતી નથી જ્યારે સાયન પદ્ધતિ ની અંદર પૃથ્વીની જે આયન ગતિ છે એને ગણતરીમાં લેવામાં આવે છે.

જે ગણિતમાં પૃથ્વીની આયન ગતિને ધ્યાનમાં લેવામાં આવે છે અને તે પ્રમાણે ગ્રહોના સ્થાન રાશિ અંશ કળા વિકળા વગેરે નક્કી કરવામાં આવે છે તેને સાયન ગતિ કહે છે જ્યારે પૃથ્વીની અયન ગતિને નજર અંદાજ કરવામાં આવે છે અને તે પ્રમાણે ગ્રહોના ગણિત કરવામાં આવે અને તેમના  સ્થાન રાશિ અંશ કળા અને વિકળા વગેરે નક્કી કરવામાં આવે છે તે પ્રકારના

ગણિતને નિરયણ ગણિત કહે છે. મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર વગેરે ઉત્તર ભારતમાં આજે પણ નિરયણ પંચાંગ જ ચાલે છે. જ્યારે વર્તમાન હિન્દુ નિરયણ પંચાંગમાં ગ્રહોના રાશિ અંશ કળા અને વિકળા બતાવવામાં આવે છે ત્યારે સાથે સાથે એક બાજુ અયનાશ પણ બતાવવામાં આવે છે. ઉદાહરણ તરીકે જન્મભૂમિ પંચાંગમાં દૈનિક ગ્રહોના સામેના પૃષ્ઠ ઉપર શાસ્ત્રની નીચે તારીખ અને તેની સામે અયનાશ પણ બતાવેલ હોય છે સૂર્ય વગેરે ગ્રહના રાશિ અંશ કળા વગેરે પંચાંગમાં બતાવવમાં આવેલ હોય એની અંદર અયાનાંશ ઉમેરવાથી સાયન સૂર્ય વગેરે મળી શકે છે. અત્યારે અયનાંશ 24 ડિગ્રી ઉપર છે તેથી નિરયણ સૂર્ય કરતા સાયન સૂર્ય ચોવીસ ડિગ્રી આગળ હોય છે. મેં જ્યારે આ જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ શરૂ કર્યો. શરૂઆતના તબક્કામાં જ્યોતિષશાસ્ત્ર મારે ફક્ત ગણિત જ કરવાનું હતું અને એ ગણિત જ્યારે કરવામાં આવતું હતું તે વખતે આ અયનાંશ ત્યારે કરવો પડે જે ગણિત કરવામાં આવે એ ગણિત સાયન પદ્ધતિ પ્રમાણે લગ્નના અંશો ગ્રહો નક્ષત્ર સૂર્ય ચંદ્ર મંગળ બુધ ગુરુ શુક્ર શનિ રાહુ કેતુ વગેરેના અંશો જે બતાવે એ સાયન પદ્ધતિ પ્રમાણેના બતાવવામાં આવે અને એ બતાવવાના હોય ત્યારે એને નિરયણ પદ્ધતિમાં કન્વર્ટ કરવા માટે એમાંથી આયનાંશ બાદ કરવામાં આવે. અને એ અયનાંશ બાદ કર્યા પછી જે ગ્રહોના રાશિઓ અંશ કળા વગેરે આવે એ નિરયણના આવે છે તો આ રીતે સાયન પદ્ધતિનું જે ગણિત છે એ ગણિત દ્વારા ગ્રહોના સ્થાન વગેરે મેળવ્યા પછી એમાં એના અયનાંશ બાદ કરી અને પછી આ નિરયણ ગ્રહોના સ્થાન વગેરે નક્કી કરવામાં આવે છે. એટલે સાયન પદ્ધતિ નું જે ગણિત છે એ જ પ્રત્યક્ષ પંચાંગ ની અંદર ઉપયોગ કરવામાં આવે છે.

અહીં પંચાંગ બતાવવામાં આવ્યું છે. એમાં ઉપર તિથિ  વાર નક્ષત્ર વગેરે બતાવવામાં આવ્યા છે. પ્રાચીન પદ્ધતિ પ્રમાણેના ગ્રહો નક્ષત્ર તિથિ નક્ષત્ર એના ઘડી અને પળ બતાવવામાં આવ્યા છે. એની સાથે તારીખ અને તિથિ નક્ષત્ર અને યોગના કલાક મિનિટ બતાવવામાં આવ્યા છે. પ્રાચીન પદ્ધતિ ની અંદર ઘડી પળ બહુ મહત્વની હતી અને વર્તમાન પદ્ધતિની અંદર કલાક મિનિટ મહત્વના છે. એટલે પંચાંગની અંદર ઘડી  પળપણ આપવામાં આવે છે પણ અને એની સાથે કલાક મિનિટ પણ આપવામાં આવે છે. અને અંગ્રેજી જે પંચાંગ એને

કેલેન્ડર કહેવામાં આવે છે. કેલેન્ડર એ માત્ર સૂર્યની ગતિના આધારે નક્કી કરવામાં આવે છે તારીખ વગેરે એ થી નક્કી થતી હોય છે, જ્યારે પંચાંગની અંદર એના નામ પ્રમાણે પાંચ અંગો બતાવવામાં આવે છે. પાંચ અંગોમાં તિથિ બતાવવામાં આવે છે, નક્ષત્ર બતાવવામાં આવે છે યોગ બતાવવામાં આવે છે અને ચોથું ખાનું જોઈએ તો એમાં  કરન બતાવવામાં આવે છે અને એ સાથે વાર બતાવવામાં આવે છે એટલે તિથિ વાર નક્ષત્ર યોગ અને કરન, આ પાંચ વસ્તુ જેમાં બતાવવામાં આવે છે એને પંચાંગ કહેવામાં આવે છે. તો આ રીતે પંચાંગનું જે નામ છે એ નામ પ્રમાણે એનું નામ યથાર્થ નામ છે. અને આ દરેક માટેના કલાક મિનિટ પણ બતાવવામાં આવે છે. તો આ રીતે તિથિ વાર નક્ષત્ર યોગ અને કરણ આ પાંચેય વસ્તુ ભારતીય પંચાંગમાં બતાવવામાં આવે છે જ્યારે અંગ્રેજી પંચાંગ જે છે કેલેન્ડર, એમાં માત્ર તારીખ અને વાર બતાવવામાં આવે છે એ સિવાય બીજું કશું બતાવવામાં આવતું નથી.

આ રીતે પોઝિશન ઓફ ધ પ્લાનેટ્સ અકોર્ડીંગ ટુ ધ નિરયણ માં નીચેના ખાનામાં સૂર્ય કઈ રાશિમાં કેટલા અંશ માં છે એ બતાવવામાં આવ્યું છે. એ સાથે એની ગતિ પણ બતાવવામાં આવી છે. એની ક્રાંતિ એટલે કે વિષુવવૃત્તથી ઉત્તર કે દક્ષિણમાં કેટલી ડિગ્રી આગળ પાછળ જાય છે એ ક્રાંતિક કહેવામાં આવે છે એ પણ અહીં બતાવ્યું છે. એ પછીના ખાનામાં ચંદ્ર ની સાથે એની ગતિ બતાવવામાં આવી છે અને ગતિ ની સાથે ક્રાંતિ પણ બતાવવામાં આવે છે. આ રીતે ગ્રહોના રાશિ અંશ કળા અને એની સાથે એની ક્રાંતિ એટલે કે પોઝિશન વિષુવવૃતથી એ ઉત્તર કે દક્ષિણમાં કેટલી ડિગ્રી આગળ વધે છે એ બતાવવામાં આવે છે. આ જે ક્રાંતિ બતાવવામાં આવી છે એ ઉત્તર કે દક્ષિણમાં  23 ડિગ્રીને 26 મિનિટ એટલે કે 26 કલાકથી ઉપર વધારે હોતી નથી એટલે આ રીતે એ 23 ડિગ્રી અને 36 કલા ઉત્તર કે દક્ષિણ વિષુવવૃત ગ્રહો આઘા પાછા થતા હોય છે. એટલે કર્કવૃત અને મકરવૃત એ બેની વચ્ચે આ ગ્રહો ની સ્થિતિ હોય છે તો આ પ્રમાણે અહીં ગ્રહોની સ્થિતિ નિરયન પદ્ધતિ પ્રમાણે  બતાવવામાં આવી છે.

જન્મભૂમિ પંચાંગનું ખગોળ સિધ્ધ સુક્ષ્મ નિરયણ ભારતીય પંચાંગ એ પ્રમાણેનું આ ટાઈટલ છે. આપણે જે ઉપયોગ કરીએ છીએ એ નિરયણ પંચાંગ છે અને એમાં નીચે વચ્ચેના ભાગની અંદર આયનાંશ એવું લખેલું છે. બાજુમાં તારીખ લખેલી છે અને તારીખ ની બાજુમાં આયનાશ કેટલા  છે એ લખેલું છે. 24ડિગ્રી,છ મિનીટ અને  21 સેકન્ડ લખેલા છે. આ રીતે એ જે અયનાશ છે એ જ્યારે બદલાય ત્યારે એની તિથિ પણ બતાવવામાં આવે છે. એટલે આ અનંન્સ સાયન ગણિત ઉપરથી નીરયન ગ્રહો ઉપર એની સ્થિતિ વગેરેનું ની સ્થિતિ મેળવવી હોય તો એની માટે આ અયનાશ કામ લાગે છે. એની નીચે બે કુંડળીઓ બતાવવામાં આવી છે. એ મહિનાની પૂનમના દિવસે જ્યારે પૂનમની તિથિ પૂરી થાય ત્યારે એના જે લગ્ન વગેરે ગ્રહોની સ્થિતિ કેવી છે આકાશના કયા ભાગમાં છે એ બતાવવામાં આવે છે અને એની સાથે એની નવમાંશ કુંડળી પણ બતાવવામાં આવી છે. તો આ રીતે આ જે પંચાંગ છે ઉપર લખ્યું છે એ પ્રમાણે ખગોળ સિદ્ધ સૂક્ષ્મ નિરયણ ભારતીય પંચાંગ છે. એસ્ટ્રોનોમી દ્વારા દૂરબીન દ્વારા જે ગ્રહોની સ્થિતિ દેખાય છે એની આધારે એટલે કે સાયન અને સાયન સ્થિતિના આધારે એના ઉપરથી નિરયણ પંચાંગ બનાવવામાં આવ્યું છે. તે પંચાંગની અંદર ભારતીય પંચાંગની અંદર જે ગ્રહના રાશિઓ અંશ કળા  વગેરે હોય એ નિરયણ પદ્ધતિના આધારે બતાવેલા છે.

પોઝિશન ઓફ પ્લેનેટ અકોર્ડીંગ ટુ સાયન-જાન્યુઆરી 2018 નું છે. રાફેલ ની એકમરીશ કહેવામાં આવે છે એટલે કે ગ્રહોની સ્થિતિ બતાવવામાં આવે છે એ આખું કોષ્ટક છે. અને આવું કોષ્ટક અત્યારથી 2000 વર્ષ પહેલાંનું પણ મળી શકે છે, 2500 વર્ષ પહેલાંનું પણ આપણને મળી શકે છે અને ભવિષ્યની એકમરીશ જોઈતી હોય તો તો એ પણ આપણે મેળવી શકીએ છીએ. તો આ રીતે આજે ગણતરી કરવામાં આવી છે એ ગણતરી સાયન ગ્રહોની સ્થિતિ છે. આ સ્થિતિ ની અંદર  જાન્યુઆરી મહિનાની પહેલી તારીખનું સૂર્ય કઈ રાશિ ના કેટલા અંશમાં છે એ બતાવે છે ચંદ્ર બુધ શુક્ર મંગળ ગુરુ શનિ હર્ષલ નેપ્ચ્યુન પ્લુટો અને રાહુ અને કેતુ એ પણ અહીં બતાવવામાં આવ્યા છે, એ બધા જ બતાવવામાં આવ્યા છે એ ઇંગ્લેન્ડ ના ટાઈમ પ્રમાણે રાત્રિના બાર વાગ્યાના બતાવવામાં આવ્યા છે. ઇંગ્લેન્ડના સમય પ્રમાણે રાત્રિના બાર

વાગ્યા ગ્રહોના સાઈન પ્રમાણે પોઝીશન હોય છે અને આ જ રીતે એનો ઉપયોગ આપણા ભારતીય પંચાંગમાં કરવામાં આવે છે જે આગળ બતાવવામાં આવશે.

દક્ષિણ ભારતમાં અને પશ્ચિમના દેશોમાં સાયન પદ્ધતિ પ્રવર્તે છે એટલે કે તેઓએ પૃથ્વીની આયન ગતિને ધ્યાનમાં લીધી છે. વળી સૌથી મહત્વની વાત એ છે કે સાયન પદ્ધતિના ગણિત પ્રમાણે જ આકાશમાં ગ્રહો વગેરે ખગોળ વિજ્ઞાનમાં દૂરબીન વગેરેની મદદથી જોઈ શકાય છે. અર્થાત સાયન પદ્ધતિ જે છે એ જ વાસ્તવિક અને સાચી છે. સૂર્ય ખરેખર મકર રાશિમાં 21 ડિસેમ્બરના રોજ પ્રવેશ કરે છે, જે નીચે જણાવેલ જન્મભૂમિ પંચાંગના શાસ્ત્ર વિભાગના સંદર્ભથી સ્પષ્ટ થશે. જ્યારે આપણે 14 જાન્યુઆરીએ મકરસંક્રાંતિ ઉજવીએ છીએ આમ છતાં ભારતીય માનસ રૂઢિચુસ્ત હોવાના કારણે પૂર્વથી પ્રચલિત પ્રાચીન ગણિતનો ત્યાગ કરી શકતા નથી. હકીકત એવી છે કે ખરેખર મકરસંક્રાંતિ કઈ તારીખે છે? તો એ ડિસેમ્બરની 21 કે 22 મી તારીખે સૂર્ય ધન રાશી માંથી નીકળીને મકર રાશિમાં પ્રવેશ કરતો હોય છે પણ આપણે એ મકરસંક્રાંતિ હંમેશને માટે 14 મી જાન્યુઆરીએ ઉજવીએ છીએ. સાયન પદ્ધતિ પ્રમાણે સૂર્યનો પ્રવેશ ૨૧ કે ૨૨ ડીસેમ્બર ના થાય છે અને નિરયણ પદ્ધતિ પ્રમાણે સૂર્ય મકર રાશિમાં 14 જાન્યુઆરીએ પ્રવેશે છે અથવા તો એની રાત્રે પ્રવેશે છે. તો આ રીતે સાયન પદ્ધતિ પ્રમાણે મકરસંક્રાંતિ જુદી છે અને નિરયણ પદ્ધતિ પ્રમાણે પણ જુદી છે. પરંતુ આમાં સાચી વાત કહી તો ખરેખર સાયન પદ્ધતિ પ્રમાણેની જે મકરસંક્રાંતિ છે એ જો સાચી છે.

અહીં ડિસેમ્બર 2016 નું પંચાંગ છે. એ પંચાંગમાં બુધવાર 21મી ડિસેમ્બર છે એ ડિસેમ્બરની જે લાઈન છે એમાં સૂર્ય સાયન મકરમાં 16 અને 15 મિનિટે સાંજના ચાર અને 15 મિનિટે પ્રવેશ કરે છે. અહીં સૂર્યનો મકર રાશિમાં પ્રવેશ 21મી ડિસેમ્બરના બતાવવામાં આવ્યો છે. એ રીતે 2017 ના પંચાંગમાં આપણે જોઈએ તો સૂર્ય સાયન મકર રાશિમાં 21 અને 59 મિનિટે એટલે કે રાત્રિના નવ વાગે અને 59 મિનિટે મકર રાશિમાં પ્રવેશે છે સાયન પદ્ધતિ પ્રમાણે. અને એ આકાશમાં દૂરબીન વડે જોઈ શકાય છે તો આ રીતે સાયન પદ્ધતિ નીચે મકરસંક્રાંતિ છે એ જ ખરેખર સાચી મકરસંક્રાંતિ છે. પણ આપણું જે માનસ છે ભારતીય માનસ એ પૂર્વથી

ચાલ આવતી નિરયણ પદ્ધતિને અનુસાર મકરસંક્રાંતિ ઉજવે છે અત્યારે એ ગણિતનો કોઈ જ ઉપયોગ નથી. અત્યારે તો સાયન પદ્ધતિ ના ગણિત પ્રમાણે ગ્રહો મેળવી અને એમાંથી અયનાંશ  બાદ કરી સીધેસીધું મેળવાય છે.

જોકે આવા રૂઢિચુસ્તતા પાશ્ચાત્ય  દેશોમાં પણ હોય છે અને વિજ્ઞાનીઓમાં પણ હોય છે. જો કે જેને કાંઈ નવું પ્રાપ્ત કરવું છે અથવા સમાજને વિશ્વને કંઈક નવું પ્રદાન કરવું છે, તેણે મુક્ત મન રાખવું જોઈએ અને જ્યાંથી જે નવું મળે તે સ્વીકારવું જોઈએ એમાં કોઈ હિચકીચાટ રાખવો જોઈએ નહીં અથવા તો જે સાચી વાત છે એને સ્વીકારવું જોઈએ. ઘણા વર્ષો પૂર્વે વિનોબા આપણે જૈન પરંપરામાં સમણ સુત્તમ પુસ્તક પબ્લિશ  થયું હતું, ભગવાન મહાવીરની 25મી જન્મ શતાબ્દી નિમિત્તે. જૈનોના સર્વગ્રાહી પુસ્તક તરીકે આગમની જે ભાષા છે પ્રાકૃત અને અર્ધમાગધી કે શોરસેની ભાષા એની અંદર સંકલન કરેલા 756 ગાથાઓનું પુસ્તક પબ્લિશ થયું એને સમણ સુત્તમ નામ આપવામાં આવ્યું. એના બે બોલ વિનોબા ભાવે લખ્યા કારણકે સમણ સુત્તમ નું સંકલન વિનોબા ભાવે ના સૂચનથી કરવામાં આવ્યું હતું, એટલે વિનોબા ભાવે એ એનું આમુખ લખેલું હતું.  એની અંદર એમણે બહુ સરસ એક વાત લખી હતી એમાં એમણે પોતાના માટે લખ્યું કે' લોકો મને સત્યાગ્રહી કહે છે પણ હું સત્યાગ્રહી છું નહીં, હું સત્ય ગ્રાહી તે બે શબ્દો છે એ ખૂબ જ મહત્વના છે સત્ય ગ્રાહી અને સત્યાગ્રહ. જ્યાં સત્યાગ્રહી હોય ત્યાં મિથ્યાત્વ હોય આ મારું એ જ સાચું એવો કદાગ્રહ હોય  અને જ્યાં સત્ય ગ્રાહી હોય ત્યાં આવો કદા ગ્રહ હોતો નથી .સાચું હોય એ માનવું, મારું એ સાચું. સત્યાગ્રાહીમાં સત્ય એ મારું એવું હોય એ અનેકાન્તવાદ નો સ્વીકાર હોય.. તે સાચી વસ્તુ આપણને જ્યાંથી મળે એનો અવશ્ય સ્વીકાર કરવો જોઈએ, જોકે સાચી વાત એ છે કે નિરયણ પંચાંગ કર્તાઓ પણ વેધશાળા દ્વારા તૈયાર કરેલ પ્રત્યક્ષ ખગોળ સિદ્ધ સાયન પંચાંગનો આધાર લઈને જ નિરયણ પંચાંગ તૈયાર કરે છે. મતલબ કે ગણિતની જટિલતાના કારણે અસલ પ્રાચીન ગણિત પણ કોઈ કરતું નથી. ભાસ્કરાચાર્યે ગણિતાધ્યયન અને ગોળ અધ્યાયન એમણે જ્યોતિષશાસ્ત્ર સંબંધી એવા આ બે ગ્રંથો લખ્યા હતા. ગણિતાધ્યાય ની અંદર ગ્રહોના રાશિ અંશ કળા વગેરે

મેળવવા માટે એનું સ્થાન નક્કી કરવા માટે નું ગણિત હતું અને ગોલાધ્યાય એની અંદર એનું જે પ્રેડીક્શન હોય ફળકથન હોય એ હતું તો ગણિત અધ્યાય ની અંદર એના માટેનું જે ગણિત હતું એનું અત્યારે કોઈ ઉપયોગ કરતું નથી. અત્યારે તો વેધશાળા દ્વારા ગ્રહોના સ્થાન વગેરે નક્કી કરીને બતાવવામાં આવે છે, જે સાયન પદ્ધતિના હોય છે. એનો જ નિરયણ પંચાંગમાં ઉપયોગ કરવામાં આવે છે. હવે કઈ રીતે ઉપયોગ કરવામાં આવે છે એ આપણે જોઈએ.

એની સાબિતી એ જ કે આપણા ભારતીય પંચાંગોમાં સૂર્ય ચંદ્ર વગેરે ગ્રહોના રાશિ અંશ કળા વિકળા વગેરે સવારના 5:30 કલાક ના આપવામાં આવે છે જોકે આપણે ત્યાં સામાન્ય રીતે દિવસની શરૂઆત સવારના 06:00 વાગ્યે માનવામાં આવે છે. સૂર્ય ગમે ત્યાંરે ઉદય થાય પણ દિવસની શરૂઆત છ વાગ્યાથી માનવામાં આવે છે. સવારના સૂર્ય ચંદ્ર વગેરે રાશિ અંશ વગેરે એ મુજબ જોઈએ , સવારના 6 કલાકના સૂર્ય વગેરે ના રાશી અંશ કળા વગેરે આપવું જોઈએ તેને બદલે સવારના 5:30 કલાકના આપવાનું કારણ એ છે કે પશ્ચિમના જ્યોતિષ અથવા ખગોળ સંબંધી વાર્ષિક કેલેન્ડરમાં ગ્રીનવીચ મીન ટાઈમ અર્થાત ઇંગ્લેન્ડના પ્રમાણ સમય અનુસાર રાત્રે 12 કલાકે તારીખ બદલાય તે સમયના સૂર્ય વગેરે ના રાશી અંશ કળા વગેરે આપેલા હોય છે. અને ભારતીય પ્રમાણ સમય તેનાથી સાડા પાંચ કલાક આગળ હોવાથી ત્યાં રાત્રે 12:00 કલાકે ગ્રહોની જે રાશિ અંશ કળા વગેરે હોય તે જ અહીં સવારના 5:30 કલાકે હોવાથી કોઈ જ ગણિત નવુંકરવું પડતું નથી. દક્ષિણ ભારતના સાયન પંચાંગમાં તે સીધે સીધા મૂકી દેવામાં આવે છે. જ્યારે નિરયણ પંચાંગમાં જન્મભૂમિ, ગુજરાત સમાચાર, સંદેશ નું પંચાંગ હોય આવા જે નિરયણ પંચાંગ હોય એમાં સાયણ પદ્ધતિના સૂર્ય વગેરે માંથી અંશ કળામાંથી આયનશ જ બાદ કરવામાં આવે છે, સીધે સીધા મૂકી દેવામાં આવે છે. ગણિતની સરળતા ખાતર આ કરવામાં આવે છે. સવારના 5:30 ના ગ્રહો આપવાનું કારણ માત્ર એટલું છે કે છ વાગ્યાના ગ્રહો આપવાનું હોય તો નવેસરથી ગણિત કરવું પડે પણ સાડા પાંચ ના ગ્રહો આપવાના હોય તો એમાં તો ફક્ત અયનાશ જ બાદ કરવા પડે એટલે ગણિતની

સરળતા ખાતર પ્રત્યક્ષ જે પંચાંગ છે તે સાયન પદ્ધતિનું એનું નિરયણ પંચાંગમાં ઉપયોગ કરવામાં આવે છે.

ભારતીય પરંપરામાં જ્યારે ભાસ્કરાચાર્ય કે તેની પૂર્વે જ્યારે ગ્રહોના સ્થાન રાશિ વિકળા વગેરે નક્કી કરવાના ગણિતનો પ્રારંભ થયો હશે ત્યારે અયનાંશ લગભગ શૂન્ય હશે. તે કારણથી નિરયણ અને સાયણ બંને પ્રકારના ગણિતમાં કોઈ પણ તફાવત આવતો ન હોવાથી અને તે સરળ હોવાથી વધુ પ્રચલિત બન્યું હશે. પરંતુ આજે 24 અંશ જેટલો તફાવત આવે છે, ત્યારે અને આકાશમાં વેધ શાળા માં રહેલ દૂરબીન દ્વારા અવલોકન કરતા સાયન પ્રમાણે ગ્રહોની સ્થિતિ પ્રત્યક્ષ જોઈ શકાય છે તો આપણે શા માટે નિરયણ પંચાંગનો આગ્રહ રાખવો જોઈએ ખરેખર આપણા માટે બહુ મોટો સવાલ છે.

મહત્વની વાત ભારતીય પંચાંગ એ ચંદ્રને અનુસરે છે જ્યારે પાશ્ચાત્ય કેલેન્ડર સૂર્યને અનુસરે છે. ભારતીય પંચાંગમાં તિથિ મુખ્ય છે જ્યારે પાશ્ચાત્ય કેલેન્ડરમાં તારીખ મુખ્ય છે. અંગ્રેજી કેલેન્ડરની દરેક મહિનાની દરેક તારીખ તરીકે દર વર્ષે સૂર્ય લગભગ તે જ રાશિ અંશ કળા ઉપર હોય છે હા , ઘણા લાંબા કાળે એટલે કે લગભગ 60-70 વર્ષે તેમાં એકાદ અંશનો ફેર પડે છે જ્યારે અયનાંશ એક અંશ કરતા વધુ બદલાય ત્યારે તેમાં એકાદ અંશનો ફેર પડે છે. . બાકી કેલેન્ડર ની અંદર જે તારીખે જે સૂર્ય ની રાશિ અને અંશ હોય એ મહિનાની એ તારીખે બીજા વર્ષે પણ એ જ રાશિ એ જ અંશનો સૂર્ય આપણને મળે છે. ભારતીય પરંપરા પંચાંગમાં દરેક મહિનાની તિથિના દિવસે પ્રાયઃ દર વર્ષે દૈનિક નક્ષત્ર તેનું તે જ આવે છે. આ દૈનિક નક્ષત્ર પણ ચંદ્રનું જ હોય છે. એટલે ભારતીય પંચાંગની અંદર ચંદ્રનું પરિભ્રમણ મુખ્ય છે. જ્યારે કેલેન્ડર ની અંદર સૂર્યનું પરિભ્રમણ મહત્વનું હોય છે. એને મુખ્યતા આપવામાં આવે છે. તો આ રીતે નક્ષત્ર નું બહુ વિશેષ મહત્વ છે.

સૌથી મહત્વની વાત એ છે કે પશ્ચિમના દેશોમાં સૂર્યની રાશિને મુખ્ય ગણવામાં આવે છે અને તે સૂર્ય કુંડળીના આધારે કદાચ નામ પણ પાડવામાં આવે છે અને ફળ કથન તો સૂર્યની રાશિના આધારે જ કરવામાં આવે છે. જ્યારે ભારતીય પરંપરામાં ચંદ્રની રાશિને મુખ્ય

ગણવામાં આવે છે અને તેના આધારે નામ પાડવામાં આવે છે અને સામાન્ય ફળ કથન પણ એના આધારે જ કરવામાં આવી છે કેટલાક ન્યુઝ પેપર ની અંદર સાપ્તાહિક ભવિષ્ય જે આપવામાં આવે છે એ સાપ્તાહિક ભવિષ્યની અંદર રાશિની સાથે તારીખ પણ આપવામાં આવે છે અને એ તારીખ લખવામાં જે આવે છે એ મોટે ભાગે 14 જાન્યુઆરી કે મહિનાની 14 તારીખ કે 15 તારીખથી લઈને બીજા મહિનાની 14 કે 15 તારીખ સુધી બતાવવામાં આવ્યું હોય છે એટલે કે એક મહિનાનો પિરિયડ એમાં બતાવવામાં આવ્યો હોય છે. તો એક મહિનાનો પિરિયડ શા માટે, એક મહિના દરમિયાન સૂર્ય એ રાશી રહેતો હોય છે અને એમાં એ સાયન પદ્ધતિ પ્રમાણે હોય છે. એમાં મોટાભાગે 21 થી 22 ડિસેમ્બર કે 21 કે 22 ફેબ્રુઆરી પછી એના મહિનાની પછીના મહિમાની ૨૧ કે ૨૨ તારીખ સુધીનું બતાવવામાં આવેલું હોય છે. સૂર્યની રાશિ પ્રમાણે એનું પ્રિડક્શન કરવામાં આવે છે. તો આ રીતે ભારતીય પરંપરામાં ચંદ્રની રાશિ છે એને મુખ્ય ગણવામાં આવે છે અને એના આધારે નામ પાડવામાં આવે છે. સામાન્ય ફળ કથન પણ તેના આધારે જ કરવામાં આવે છે એટલે ભારતીય પદ્ધતિ ની અંદર જે સાપ્તાહિક ભવિષ્ય કથન કરવામાં આવે છે તે એ ભવિષ્યકથન ચંદ્ર ની રાશી પ્રમાણે કરવામાં આવે છે. અને ચંદ્ર એક રાશિમાં ફક્ત પ્રમાણે સવા બે દિવસ  રહે છે જ્યારે સૂર્ય એક રાશિની અંદર એક મહિનો રહે છે. એ સૂર્યની રાશી પ્રમાણે જે પ્રિડક્શન કરવામાં આવે છે. એ બહુ ગ્લોસ લેવલનું એટલે કે સ્થૂળ કક્ષાનું હોય છે કારણ કે એક મહિનામાં જન્મ ઘણા બધા ના થયેલા હોય છે  અને બીજા બધા એક મહિનામાં જન્મ્યા હોય એની એ સૂર્ય રાશી એક સરખી આવતી હોય એ બધાનું ભવિષ્ય એક સરખું હોય નહીં, એ આપણને બધાને ખબર હોય છે. તો આ રીતે સૂર્ય ની રાશી ઉપરથી જે પ્રિડક્શન કરવામાં આવે એ એકદમ સ્થૂળ કક્ષાનું હોય છે, જ્યારે ચંદ્રની રાશિ પ્રમાણે જે ભવિષ્યકથન કરવામાં આવી છે એ ચંદ્ર એક રાશિમાં સવા બે દિવસ હોય છે. સવા બે દિવસમાં જન્મેલા જે લોકો હોય એનું ભવિષ્ય કથન થાય. એટલે એમાં બહુ મર્યાદિત સંખ્યામાં જન્મેલા નું ભવિષ્ય કથન આવે છે. એટલે સૂર્યની રાશિ પરથી જે ભવિષ્યકથન કરવામાં આવે છે એના કરતાં ચંદ્રના રાશિ ઉપરથી કરવામાં આવેલ ભવિષ્યકથન એ વધારે સચોટ હોય છે.

આ તો ચંદ્રની રાશિ ઉપરની વાત થઈ અને બીજી વાત કરીએ તો સામાન્ય રીતે એસ્ટ્રોલોજી એટલે કે જ્યોતિષશાસ્ત્રની અંદર લગ્નની કુંડળી આવે છે. લગ્ન એટલે જોડાવું તો લગ્ન કુંડળી શા માટે કહેવામાં આવે છે? પૂર્વની જે ક્ષિતિજ છે એક ક્ષિતિજ ઉપર જે રાશિ હોય એ રાશિનું લગ્ન છે એમ કહેવાય છે અને 24 કલાક ની અંદર લગ્ન 12 લગ્ન બદલાય છે. તો આ રીતે સૂર્યોદય થાય ત્યારે સૂર્ય જે રાશિમાં હોય એ રાશિનું લગ્ન હોય અને બે કલાક પસાર થાય એ સૂર્યના લગ્ન સ્થળના ઔંશ ઉપર થી નક્કી થાય છે કે કેટલા સમય પછી લગ્ન બદલાશે. તો 24 કલાકની અંદર બાર લગ્ન બદલાતા હોય એટલે એક લગ્નનો સમય લગભગ બે કલાક હોય છે એટલે ચંદ્રની રાશિ ઉપરથી જે પ્રિડક્શન કરવામાં આવે એના કરતાં લગ્ન કુંડળી ઉપરથી જે પ્રિડક્શન કરવામાં આવે એ પ્રીડક્શન માત્ર માઈક્રો લેવલનું હોય છે. આ વાત થઇ લગ્ન કુંડળીની. એ સાથે નવમાંશ કુંડળી પણ હોય છે.એ નવમાંશ એટલે લગ્નનો નવમો ભાગ. એક લગ્નની અંદર એક રાશિની અંદર સવા બે નક્ષત્ર હોય છે એટલે લગ્ન એક રાશિના નવ ભાગ થાય એટલે ત્રણ ડિગ્રી અને 20 મિનિટનો એક નવમાંશ થાય છે. તો આ રીતે ત્રણ ડિગ્રી અને 20 મિનિટ બદલાય ત્યારે લગ્નનો નવમાંશ બદલાય છે. એ માટેનો સમય 11 મિનિટથી લઈને લગભગ 15 મિનિટ જેટલો હોય છે. તો આ રીતે નવમાંશ જે કુંડળીનું છે તે નવમાંશ જ કુંડળીનું એના કરતાં પણ માઈક્રો લેવલની કુંડળી ગણાય છે. તો આ રીતે એના દ્વારા જે પ્રેડીક્શન કરવામાં આવે એ પ્રિડીક્શન એકદમ સુક્ષ્મ કક્ષાનું હોય છે. તો આ રીતે વિવિધ પ્રકારે ત્રણ પ્રકારની કુંડળીઓ બતાવવામાં આવી છે. સૂર્યકુંડળી જન્મકુંડળી અને લગ્ન કુંડળી આ સામાન્ય રીતે વ્યવહારમાં છે. લગ્ન કુંડળીની સાથે નવમાંશ કુંડળી પણ હોય છે. તો આ રીતે આ એસ્ટ્રોલોજીનો પ્રિડીક્શન છે એ એની પાછળનું આ આખું ગણિત છે.

ભારતીય પદ્ધતિમાં ચંદ્રની મુખ્યતા હોવાથી ચંદ્રની રાશિ પ્રમાણે ભવિષ્ય કથન કરાય છે અને ચંદ્ર એક રાશિમાં બે સવા બે દિવસ રહે છે તેથી સૂર્ય રાશિ પ્રમાણે કરેલ ભવ્ય કથન કરતા આ ભવિષ્ય થોડું વધુ સૂક્ષ્મ અને સચોટ હોય છે. એ પછી લગ્ન ના આધારે ભવિષ્ય કથાન કરવામાં આવે એ એના કરતાં પણ વધુ સચોટ હોય છે.

લગભગ 2000 ની આસપાસ મુંબઈમાં માટુંગા માં મારું ચોમાસું હતું ત્યારે એ એક ભાઈ મારી પાસે આવ્યા. એમને એસ્ટ્રોલોજીનો માં રસ હતો . એમણે પોતાની જન્મ કુંડળી મારી પાસે મોઢે બોલી ગયા. મેં એમને પૂછ્યું કે ભાઈ તમારી તારીખ 6 26 8 55 છે તો એમને કહ્યું કે હા સાહેબ તમને કેવી રીતે ખબર પડી ત્યારે મેં એમને કહ્યું કે ભાઈ તારી જે તારીખ છે એ જ મારી જન્મ તારીખ છે ફેર એટલો છે કે મારો જન્મ સવારના 07:00 વાગે થયો છે અને તારો જન્મ સાંજના પાંચ સાડા પાંચે થયો છે. હું એક સાધુ તરીકે હતો અને એ એક ગૃહસ્થ તરીકે હતો. તો આ રીતે એ 12 કલાકના ડીફરન્સ ની અંદર પણ વ્યક્તિ નું આખું જીવન બદલાઈ જતું હોય છે. કલાકના ડિફરન્સ ની અંદર પણ જીવન બદલાતું હોય છે તો આ રીતે લગ્ન કુંડળી બહુ મહત્વની કુંડળ હોય છે. આમ છતાં એ સવા બે દિવસમાં પણ ઘણા લોકોનો જન્મ થયેલ હોય છે અને તે દરેકનું ભવિષ્ય એકસરખું હોતું નથી. તેથી પણ જોઈએ એવું સચોટ હોતું નથી અરે એક જ દિવસે જન્મેલ હોય અને સવાર સાંજનો તફાવત હોય તો પણ એક સંન્યાસી હોય તો બીજો કરોડપતિ હોઈ શકે છે અને હોય છે આ જ કારણે ભારતીય જ્યોતિષશાસ્ત્રમાં અને પાશ્ચાત્ય જ્યોતિષશાસ્ત્રમાં પણ લગ્ન કુંડળીનું વિશેષ મહત્વ રહ્યુ છે કારણ કે એક જ દિવસમાં 12 લગ્ન આવે છે અર્થાત એક લગ્ન માત્ર બે કલાકનું જ હોય છે તેથી ચંદ્રની રાશિના આધારે કરેલ ફળકથન કરતા લગ્ન કુંડળીના આધારે કરેલ ફળકથન વધુ સૂક્ષ્મ અને સચોટ હોય છે. જૈન પરંપરા એ હિંદુ પરંપરા અનુસરે છે છતાં એમાં થોડોક તફાવત છે. હિંદુ પરંપરામાં ચંદ્રનું મહત્વ છે જ્યારે જૈન પરંપરામાં નક્ષત્રનું મહત્વ છે. જૈન આગમ કલ્પસૂત્રમાં તીર્થંકર પરમાત્મા ના ચ્યવન જન્મ દીક્ષા કેવળ જ્ઞાન અને નિર્વાણ જેવા મહત્વપૂર્ણ કલ્યાણક પ્રસંગના સમયની જે વાત બતાવવામાં આવે છે એ વર્ણનમાં ચંદ્રની રાશિ બતાવવામાં આવતી નથી પરંતુ તે સમયે કહ્યું નક્ષત્ર હતું તે બતાવવામાં આવે છે. તે નક્ષત્ર પણ ચંદ્રનું જ હોય છે આમ છતાં ચંદ્ર એક રાશિમાં સવા બે દિવસ રહે છે, જ્યારે નક્ષત્રમાં ફક્ત એક જ દિવસ રહે છે. આ કારણથી નક્ષત્ર જ્યોતિષ નામનું શાસ્ત્ર પણ વિકસ્યું છે અને આશ્ચર્યની વાત એ છે કે પ્રાચીન જે શાસ્ત્રો છે એમાં નક્ષત્ર બતાવવામાં આવ્યા છે પણ રાશી બતાવવામાં આવી નથી. હમણાં અમેરિકામાં બોસ્ટન રહેતા પંકજભાઈ શાહે નક્ષત્ર ઉપર એક પુસ્તક પ્રકાશિત કર્યું છે. એ મોતિદાસ બનારસીદાસ ન્યુ દિલ્હી તરફથી પબ્લિશ

થયું છે અને એ પુસ્તકની અંદર એમણે નક્ષત્ર ના વિભાજન નું જૈન પદ્ધતિ પ્રમાણે કેવું એ બતાવ્યું છે. સામાન્ય રીતે અત્યારે નક્ષત્ર એક નક્ષત્રમાં એક ડિગ્રી અને 20 મિનિટ બતાવવામાં આવે છે . જૈન પદ્ધતિ ની અંદર દરેક નક્ષત્ર ના પાંચ એટલે કે વિસ્તાર અલગ અલગ હતા. અત્યારે દરેક નક્ષત્રના ૨૭ નક્ષત્ર બતાવે છે અને એના 13 ડિગ્રી અને 20 મિનિટ એક સરખું માપ બતાવવામાં આવે છે. જ્યારે પ્રાચીન જૈન જંબુદ્વીપપ્રજ્ઞપતિ સૂર્યપ્રજ્ઞપતિ ચંદ્ર પ્રજ્ઞપતી વગેરે જે આગમો છે એમાં જે આગમમાં નક્ષત્રોની મર્યાદા છે એ દરેક નક્ષત્રની મર્યાદા અલગ અલગ છે. એનો વિસ્તાર અલગ અલગ બતાવવામાં આવ્યો છે. એના ઉપર એમણે રિઝિંગ ધ કોસ્મોસ નામનું પુસ્તક લખ્યું છે એનું  હોલવાદ મેં લખી આપ્યું છે અને એ પુસ્તક લખવા માટે જે કોઈ સોફ્ટવેર વગેરેનો ઉપયોગ કરવાનો હતો એમાં એનું માર્ગદર્શન પણ મેં આપેલું છે. તો આ રીતે નક્ષત્ર વિજ્ઞાન એ જૈન પરંપરાનું એક બહુ જ મહત્વનું  શાસ્ત્ર હતું અને છે.

મહત્વની વાત આપણે બધા કર્મવાદમાં માનીએ છીએ ત્યારે જૈન તત્વચિંતકો કદાચ એવો પ્રશ્ન પણ કરે કે જો એ જો ગ્રહોના આધારે વ્યક્તિનું જીવન પ્રસાર થતું હોય તો પૂર્વમાં કરેલ શુભ અશુભ કર્મનું શું ? વળી કોઈક એવો પણ પ્રશ્ન કરે કે સૂર્ય ચંદ્ર કે ગ્રહો તો અહીંથી લાખો માઈલ  દૂર છે તે આપણું શું બગાડી શકવાના છે તો એના પ્રત્યુતરમાં એટલું જ જણાવવાનું કે અન્ય પરંપરામાં અથવા સામાન્ય જ્યોતિષશાસ્ત્ર ગ્રહોને કારક માને છે,પરંતુ જૈન જ્યોતિષ પ્રમાણે અથવા વિદ્વાન જ્યોતિષ શાસ્ત્રી ગ્રહોને કારક માનતા  નથી પણ સૂચક માને છે, એટલે કે ઇન્ડિકેટર તરીકે માને છે. પશ્ચિમના દેશોમાં છેલ્લા 150 વર્ષથી જે પુસ્તક પ્રમાણભૂત જ્યોતિષ ગ્રંથ તરીકે માન્ય છે. તે પુસ્તક મેસેજ ઓફ ધ સ્ટાર્સના લેખક મેક્સ હેન્ડલ નામના જ્યોતિષ શાસ્ત્રી છે. એ પણ ગ્રહોને કારક માનતા નથી પણ સૂચક માને છે. મતલબ કે ગ્રહો કશું તમારું કે મારું કશું જ સારું કે ખરાબ કરી શકતા નથી પરંતુ જન્મ કુંડળીમાં રહેલ ગ્રહોની સ્થિતિ એટલું જ સૂચન કરે છે કે તમે પૂર્વભવમાં કરેલ સુભાશુભ કર્મનું આ ભવમાં કેટલું અને કેવું ફળ ક્યારે મળશે એનો માત્ર નિર્દેશ કરે છે.  એટલે આ રીતે ગ્રહોને જૈન દર્શનમાં કારક તરીકે નહીં પણ સૂચક તરીકે બતાવવામાં આવ્યા છે.

તો બીજો પ્રશ્ન એક થાય કે જો એવું જ હોય તો 14 પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામી અને મહાન નિમિત્ત શાસ્ત્રીઓ કુંડળીમાં અશુભ સ્થાનમાં રહેલા ગ્રહોની અશુભ અસર દૂર કરવા મંત્ર જાપ વગેરે કે અન્ય વિધિ વિધાન કરાવે છે કે ગ્રહના સ્ટોન એટલે કે નંગ વગેરે પહેરવાની વાત કરે છે તે યોગ્ય છે ખરું? તો એના માટે કહેવાની જરૂર છે કે એનાથી પૂર્વમાં કરેલ અશુભ કર્મનું ફળ ન મળે કે નિષ્ફળ જાય એવું થાય ખરું? તો એનો જવાબ છે હા. જો પૂર્વમાં કરેલ અશુભ કર્મ નિકાચિત ન થયું હોય તો સામાન્ય કે વિશેષ પ્રકારની ધર્મ આરાધના અથવા મંત્ર જાપ આદી દ્વારા પૂર્વભવના કર્મ ભોગવ્યા વગર જ આત્મામાં થઈ છૂટી શકાય છે અર્થાત કર્મનીરજરા થઈ જાય છે. સામાન્ય રીતે એમ કહેવાય છે કે કરેલા જે કર્મ છે એ કર્મ ભોગવવા જ પડે આવું એક વિધાન કરવામાં આવે છે. આ જે વિધાન છે એ સાપેક્ષ વિધાન છે. જો કરેલા કર્મ બધા જ ભોગવવા હોય તો કોઈ જીવનો ક્યારેય મોક્ષ થતો નથી એટલા માટે સમયે સમયે જીવ આત્મા કર્મ બંધ કર્યા જ કરે છે, જુના કર્મો ભોગવાઇ છે અને નવા કર્મો બંધાય છે. એ રીતે કર્મનો પ્રવાસ સતત ચાલુ રહે કોઈ જીવનો ક્યારે મોક્ષ થતો નથી. એટલે માટે કર્મનિર્જરા નો સંબંધ કર્મ સાથે અને કર્મનો સંબંધ નિરજરા સાથે થાય છે તો જ મોક્ષ થાય છે અને કરેલા કર્મો ભોગવ્યા વગર પણ છુટા પડી જવાય, તો જ મોક્ષ શક્ય બને છે.

આ કર્મ નિરજરા આત્મામાંથી થઈ શકે છે વાત કરીએ તો સામાન્ય રીતે કર્મ બંધના ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે આમ તો કર્મના આઠ પ્રકાર છે જ્ઞાનાવરણીય દર્શન વગેરે પણ બંધની અપેક્ષાએ કર્મના ચાર પ્રકાર બતાવવામાં આવે છે સુષ્ટ કર્મ, બદ્ધ કર્મ, નિબદ્ધ કર્મ અને નિકાચિત કર્મ. આ ચાર કર્મ બતાવવામાં આવ્યા છે એમાંથી જે નિકાચિત કર્મ છે એ જ ભોગવવું પડે છે. એ સિવાયના કર્મ છે એ એ ભોગવવાની આવશ્યકતા રહેતી નથી. એ કર્મ આરાધના દ્વારા આત્મા માંથી છુટા પડી શકે છે એની કર્મ નિર્જરા થઈ શકે છે. તો આવા પ્રકારના જે કર્મો છે એ કર્મ ગ્રહો સંબંધી મંત્ર સંબંધી જ્યાં વગેરે નવકાર વગેરેથી દૂર કરી શકાય છે શુષ્ટ, બદ્ધ અને નીબદ્ધ- આ કર્મ તપ મંત્ર અને નંગ વગેરે પહેરવાથી દૂર કરી શકાય છે.

***************************************************************

JAIN SAHITYA ACADEMY TRUST